PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908;
ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;
ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૬/ક્વા-૦૩/૨૦૨૩-૨૪/ ૩૬૬૨-૨ તારીખ : ૦૭ - ૧૧ - ૨૦૨૩

રજી. એડી. પત્ર

પ્રતિ,
શ્રી ભાવેશભાઈ હરીભાઈ લીંબાસીયા
"અમર કૃપા" પ્રમુખનગર શેરી નં.૫ કોર્નર,૧૫૦ ફુટ રીંગ રોડ, ફોર્ચ્યુન હોટલ પાછળ,
મું. પો. : રાજકોટ, તા. : રાજકોટ, જી. : રાજકોટ,
પીન કોડ. : ૩૬૦૦૦૪
મોબાઈલ : ૯૮૭૯૯૬૧૦૦૮

વિષય : નવું કનેક્શન લેવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૧૧-૧૦-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૦૬/ક્વા-૦૩/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, રાજકોટ શહેર.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, રાજકોટ શહેર-૩.
સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાવડી રાજકોટ શહેર.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**e-mail:forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૦૬/ક્વા-૨/૨૩-૨૪/ 3669-2 તા. 07-11-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરિયાદ.

નોંધણી નંબર -૦૬/ક્વા-૨/૨૩-૨૪ તા.૧૧-૧૦-૨૦૨૩

| | |
|---|---|
| અરજદાર | : શ્રી ભાવેશભાઈ હરીભાઈ લીંબાસીયા, ગામ: રાજકોટ |
| રજૂઆત કરનાર | : અરજદારશ્રી ભાવેશભાઈ એચ. લીંબાસીયા અને તેમની સાથે ચંદ્રેશભાઈ પરમાર |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – રાજકોટ શહેર -૩ |
| રજૂઆત કરનાર | : એમ.આર.માકડિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી - શહેર-૩ રાજકોટ અને તેમની સાથે એસ.કે. શ્યારા, નાયબ ઇજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, વાવડી – રાજકોટ |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ | : કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| તારીખ | : ૨૫.૧૦.૨૦૨૩ (બુધવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૫.૧૦.૨૦૨૩ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી, જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ભાવેશભાઈ હરીભાઈ લીંબાસીયા શેડ નં.૩, પ્લોટ નં.૧૫, રે.સ.નં.૧૬૦ પૈકી "રીધ્ધી સીધ્ધી" પાર્ક મેઈન રોડ, રામપાન ઢેબર રોડ ખાતે કોઠારિયામાં શેડ ધરાવે છે સદર શેડમાં અરજદાર દ્વારા વાવડી પેટાવિભાગીય કચેરી ખાતે ૭.૫ કિ.વો.ના થ્રી ફેઝ કનેકશનની પોણા બે વર્ષ પહેલા માંગણી કરેલ પરંતુ કચેરી દ્વારા જરૂરી કાગળો ખોવાય ગયેલ તેવો જવાબ આપવામાં આવેલ અને બીજી અરજી કરવા જણાવેલ.

૨.૧ ત્યારબાદ બીજી અરજી કર્યા બાદ બે મહિના પછી વેરા પહોંચ ન હોવાનું જણાવેલ જે રજુ કરતા કાગળોની ફાઈલ ઓકે થતા ઓનલાઈન રૂ.૧૯૩૦૨=૦૦ અરજદારે ભરી આપેલ. ત્યારબાદ સુચીતના પૈસા ભરાવાનુ કહેતા રૂ.૨૭૩૭૫=૦૦ ભરેલ એમ કુલ રૂ.૪૬૬૭૭=૦૦ ભરપાઈ કરેલ ત્યારબાદ સંલગ્ન કચેરી દ્વારા જણાવેલ કે છેલ્લી પ્રોસીજર ટેસ્ટ રીપોર્ટની છે, તે મેઈન સ્વીચ, કેપેસીટર તથા એમ.સી.બી. લગાવી રાખવાનું કહેલ અને બે (૦૨) દિવસમાં મીટર લગાવી આપવમાં આવશે.

૨.૨ ત્યારબાદ સંલગ્ન કચેરીમાં ૧૦ દિવસ બાદ તપાસ કરતા ત્યાં હાજર ચાવડા સાહેબ તરફથી કહેવામાં આવેલ કે કે.બી.પટેલ સાહેબને પૂછો અને કે.બી.પટેલ સાહેબને પૂછયુતો તેઓએ જણાવેલ કે સદર જગ્યાના ૭/૧૨ તથા ૮-અ ઘટે છે, તો અરજદાર દ્વારા જણાવેલ કે સુચીત સોસાયટીમાં ૭/૧૨,૮-અ અરજદારના નામના ન હોય તો કચેરી દ્વારા જણાવેલ કે ઉપર સાહેબને મળી લો. આવી રીતે અરજદારને એક મહીનો બધી પ્રોસીજર પુરી થઈ ગઈ હોવા છતા ખોટા ધકકા ખવડાવવામાં આવેલ અને સોસાયટીના ૭/૧૨, ૮-અ રજુ કરેલ તો ત્યાંથી કે.બી.પટેલ સાહેબ દ્વારા કહેવામાં આવેલ કે તમારી ફાઈલ ઉપર ડીવીઝનમાં ગયેલ હોય તમારા ૭/૧૨,૮-અ ટેબલ ઉપર રાખી દયો અમે ફાઈલમાં રાખી દેશું.

ત્યારબાદ અરજદારે તપાસ કરતા તેઓની ફાઈલમાં ૭/૧૨,૮-અ હતા નહી પછી અરજદાર કે.બી.પટેલ સાહેબ અને ચાવડા પુછતા સાહેબ કહે કે તમે અમને ૭/૧૨, ૮-અ આપેલ જ નથી.

તમે ૭/૧૨,૮-અ ટાઈમસર નહી આપતા તમારી અરજી કેન્સલ કરી આપેલ છે. અરજદારને આ બાબતની કોઈ જ જાણ કર્યા વગર કેન્સલ કરેલ છે. કાગળો ઘટતા હોય તો શા માટે આટલી રકમ ભરાવેલ અને અમોને એક વર્ષ સુધી ધકકા ખવડાવી હેરાન કરેલ છે. ત્યારબાદ પૈસા પાછા મેળવવા અરજદારે બે મહીના બીજા બગાડેલ.

૨.3 ત્યારબાદ અરજદારે નવી અરજી તા.૧૨.૦૮.૨૦૨૩ ના રોજ ડીવીઝન માંથી ફાઈલ ઓકે થઈને આવેલ પછી અરજદારે રૂ.૨૦૭૦૯=૬૦ ઓનલાઈન ભરેલ પછી અરજદારે ડોકયુમેન્ટ સંલગ્ન કચેરીએ કનેકશનની અરજી રજુ કરેલ. ત્યારબાદ આજદિન સુધી કોઈ જ પ્રકારનો સર્વે કે કાર્યવાહી કરેલ નથી. ત્યારબાદ તપાસ કરતા કે.બી.પટેલ સાહેબ પાસે જણાવેલ કે તમને ક્વોટેશનના કાગળો મળશે છતાં કોઈ કાગળ ન મળતા રૂબરૂ કે ટેલીફોનીક જાણ કર્યા વગર અમારી બીજી વખત અરજી કેન્સલ કરી નાખેલ અને તપાસ કરતા કે.બી.પટેલ સાહેબને પૂછતા ઉચા અવાજમાં કહેલ કે અરજીતો કેન્સલ પાંચ વાર પણ થશે તો અરજદારશ્રી દ્વારા નમ્ર વિનંતી કે અરજદારે આટલા ટાઈમથી હેરાન થતા હોય અને અરજદાર કહે તે ડોકયુમેન્ટ તથા કહે તેટલી રકમ ભરવા તૈયાર હોય અરજદારને વહેલી તકે કનેકશન મળવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની ફરીયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પત્ર નં -૪૪૬૪ તા.૨૩-૧૦-૨૦૨૩ થી જણાવેલ કે અરજદારશ્રી ભાવેશભાઈ હરીભાઈ લીંબાસીયા દ્વારા નવું ૭.૫ હોપાનું થ્રી ફેઇઝ વીજજોડાણ લેવા અંગે ઓનલાઈન અરજી નં-૧૧૪૮૨૨ તા.૨૩.૧૨.૨૦૨૨ અન્વયે એસ.આર. નં – ૧૫૬૭૬૪૨૨ તા.૨૩.૧૨.૨૦૨૨ થી કરેલ છે.

3.૧ ઉપરોક્ત બાબતે જરૂરી નિયમાધીન કાર્યવાહી બાદ સદર વિજજોડાણ માટેની જગ્યા સૂચિત હોવાથી વધારાની **SECURITY DEPOSIT FOR LOW AND MEDIUM VOLTAGE ADJUSTMENT** ભરપાઈ કરવા માટે રૂ.૨૬૮૮૦/- નું અંદાજપત્ર આપવામાં આવેલ, જે અરજદાર દ્વારા તા.૦૭.૦૧.૨૦૨૩ ના રોજ રસીદ નં ૨૪૭૩૦૫ થી ભરપાઈ કરેલ છે.

3.૨ સદર વિજજોડાણની કેસ ફાઈલ વિભાગીય કચેરીની મંજુરી માટે વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર-૭૧૧ તા.૧૬-૦૧-૨૦૨૩ થી મોકલવામાં આવેલ. જે વિભાગીય કચેરી દ્વારા આઉટ વર્ડ નં-૪૫૧ તા.૨૦.૦૧.૨૦૨૩ થી ક્ષતિપૂર્તિઓ જેમકે એગ્રીમેન્ટ કરી જવું અને માલિકી હક્કના પુરાવા ૭/૧૨ જોડવા માટે પરત મોકલાવેલ. જેથી પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારને નોટીસ નં-૯૨૨ તા.૨૩.૦૧.૨૦૨૩ થી સદર બાબતે પૂર્તતા કરવા જણાવેલ.

3.3 અરજદાર દ્વારા તા.૦૭.૦૨.૨૩ ના રોજ પેટાવિભાગીય કચેરીમાં એગ્રીમેન્ટ કરેલ પરંતુ માલિકી હક્કના પુરાવા તે સમયે રજુ કરેલ ન હતા. જેથી વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા સદર પુરાવા રજુ કરવા જાણ કરેલ અને

અરજદારને રૂબરૂ નોટીસ પણ સહી કરાવીને આપેલ. અરજદાર દ્વારા વાવડી પેટાવિભાગીય કચેરીમાં ઇનવર્ડ નં.૫૬૬ તા.૦૯.૦૨.૨૦૨૩ થી ગામ નમૂનો નંબર ૮-અ (જમીનની ખાતાવહી)/૭ /૧૨ રજુ કરેલ, જેથી સદર ફાઈલ પેટાવિભાગીય કચેરી દ્વારા ફરીથી પત્ર નંબર ૧૪૮૯ તા.૧૦.૦૨.૨૦૨૩ થી વિભાગીય કચેરીમાં ક્ષતિપૂર્તતા માટે મોકવામાં આવેલ. પરંતુ ક્ષતિપૂર્તતા થયેલ ન હોવાથી વિભાગીય કચેરી દ્વારા પત્ર નંબર ૬૩૮ તા.૨૦.૦૨.૨૦૨૩ થી પેટાવિભાગીય કચેરીને ક્ષતિ સાથે પરત મોકલેલ.

૩.૪ ઉપરોક્ત બાબતે વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા ફરીથી પત્ર નંબર ૨૧૫૩ તા.૨૭.૦૨.૨૦૨૩ થી અરજદારને ઘટતા ડોક્યુમેન્ટ આપવા (માલિકી હક્કના પુરવાઓ ૭/૧૨ , ૮ અ) જણાવેલ. વધુમાં વાવડી પેટાવિભાગીય કચેરીના ટેકનીકલ વિભાગમાંથી સદર કેસ બાબતે રેવન્યુ વિભાગમાં કાર્યાલય નોંધ મુકવામાં આવેલ જે અનુસંધાને ફરીથી પેટાવિભાગીય કચેરી દ્વારા પત્ર નં.-૨૨૯૭ તા.૦૧.૦૩.૨૦૨૩ થી ફાઈલ વિભાગીય કચેરીમાં મંજુરી માટે મોકલવામાં આવેલ.

૩.૫ વિભાગીય કચેરી દ્વારા સદર કેશ ફાઈલ પેટાવિભાગીય કચેરીને પત્ર ન.-૧૨૧૩ તા.૦૪ ૦૩.૨૦૨૩ થી પરત કરેલ જેમાં દર્શાવેલ કે અરજદારો દ્વારા જમીન/પ્લોટની માલિકી અંગેના સ્પષ્ટ પુરાવાઓ રજૂ કરેલ નથી અને જે પુરાવાઓ રજુ કરેલ તેમાં વેચાણખત તપાસતા તથા સાથે જોડેલ ૭-૧૨ માં દર્શાવેલ મૂળ માલિકી સાથે ઉતરોતર જમીનનો માલિકી હક્ક સાબિત થતો નથી. જમીનના મૂળ માલિક અને સૂચિત સોસાયટીના પ્રમોટર/ડેવલોપર વચ્ચેનો લેખિત કરાર રજુ કરવો. જેથી માલિકી હક્કની ખરાઈ થઈ શકે. જેમાં વારંવાર આ રીતે ફાઈલો પોસ્ટ-ઓડીટમાં મોકલી વિભાગીય કચેરી તથા પેટા કચેરી બંનેનો સમય પસાર થાઈ છે જે યોગ્ય નથી. જેથી ભવિષ્યમાં સદર બાબતે તકેદારી રાખી કાર્યવાહી કરશો.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૩.૬ ત્યારબાદ વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા વિભાગીય કચેરીને આઉટ વર્ડ નંબર-૨૬૨૨ તા.૧૫.૦૩.૨૦૨૩ થી મોકવામાં આવેલ. વિભાગીય કચેરી દ્વારા જે ક્ષતિઓ પત્ર નંબર-૧૨૧૩ માં દર્શાવેલ તે જ પૂર્તતા કરવા માટે વિભાગીય કચેરી દ્વારા આઉટ વર્ડ નંબર-૧૪૭૪ તા.૨૪.૦૩.૨૦૨૩ થી વાવડી કચેરીમાં પરત કરેલ. જે બાબતે વાવડી પેટાવિભાગીય કચેરી દ્વારા અરજદારને પત્ર નં-૩૦૧૧ તા.૨૮.૦૩.૨૦૨૩ થી જાણ કરેલ અને સદર બાબતે દિવસ-૦૩ માં રજુ કરવા અન્યથા આપની આ અરજી દફતરે કરવા બાબતે જાણ કરવામાં આવેલ.

૩.૭ ઉપરોક્ત બાબતે અરજદાર દ્વારા કોઈ પ્રત્યુતર સમયમર્યાદામાં અપાયેલ ન હોવાથી સદર અરજીને **PAID CANCLE BY USER** કરવા માટે જરૂરી **CERTIFICATE** સાથે **TICKET NUMBER PG 505327** તા.૧૧.૦૪.૨૦૨૩ થી કેન્સલ કરી સદર અરજી દફતરે કરવામાં આવેલ.

૩.૮ સદર અરજદાર દ્વારા વિભાગીય કચેરીમાં ઇનવર્ડ નંબર ૧૪૩૪ તા.૦૩.૦૫.૨૦૨૩ થી ઉપરોક્ત અરજીની ભરેલ રકમ પરત મેળવવા માટે અરજી કરેલ. જેથી વાવડી કચેરી દ્વારા જરૂરી કાર્યવાહી કરી વિભાગીય કચેરી હેઠળ આઉટ વર્ડ નંબર ૪૪૨૯ તા.૦૫.૦૫.૨૦૨૩ થી મોકલવામાં આવેલ (ઓરીજીનલ ફાઇલ સાથે) જે રીફંડના નાણા ચેક નં.-૧૮૨૪૬ તા.૦૮.૦૬.૨૦૨૩ થી રૂ.૪૬૨૦૨/- પરત કરેલ.

૩.૯ અરજદાર દ્વારા બીજી વખત તા.૧૨.૦૮.૨૦૨૩ ના રોજ ઓનલાઈન અરજી નંબર ૨૫૫૧૮૨ થી અરજી કરેલ. જે **CPC** હેઠળ તા.૧૭.૦૮.૨૦૨૩ ના રોજ એસ.આર.નંબર ૧૬૫૨૧૦૮૧ કરેલ અને અરજદાર દ્વારા વાવડી કચેરી હેઠળ જરૂરી એ-૧ ફોર્મ અને બીજા દસ્તાવેજી પુરાવા તા.૧૮.૦૮.૨૦૨૩ ના રોજ રેવન્યુ વિભાગમાં રજુ કરેલ.
જેથી વાવડી પેટાવિભાગીય કચેરી કચેરીમાં સામાન્ય રીતે રેવન્યુ વિભાગ દ્વારા સદર એ-૧ ફોર્મ ઉપર **NO DUE ARREARS AND DOCUMENT** ચેક કરી ટેકનીકલ વિભાગમાં આપતા હોય છે. પરંતુ રેવન્યુ વિભાગ દ્વારા એ-૧ ફોર્મ જુદા જુદા ૦૩ ગ્રાહક નંબર જેમાં **ARREARS** બાકી હોવાથી તે ભરપાઈ અરજદાર દ્વારા કરેલ ન હોવાથી ટેકનીકલ વિભાગમાં આપેલ નહિ અને ૩ ગાહકના નામ, ગ્રાહક નંબર અને એરીયર્સની રકમ દર્શાવેલ જેમાં ગ્રાહક નં. ૩૪૫૦૮/૧૪૧૫૩/૬ અરજદારનું નામ **BHAVESHBHAI HARIBHAI LIMBASIYA**–૨૯૯૬.૯૪/-,

૩૪૫૦૮/૧૪૬૧૭/૧ અરજદારનું નામ LIMBASIYA BHAVESHBHAI HARIBHAI–૬૪૩૪.૧૧/-, ૩૪૫૦૮/૧૪૧૯૧/૯ અરજદારનું નામ BHAVESHBHAI HARIBHAI LIMBASHIA –૧૮૩૯.૪૧/- અને અરજદારને ફોનથી જાણ કરેલ. તા.૧૯.૦૮.૨૦૨૩ ના રોજ ગ્રાહક નંબર ૩૪૫૦૮/૧૪૬૧૭/૧ ના એરીયર્સની રકમ રૂ.૬૪૩૪.૧૧/- ભરપાઈ કરેલ. આમ અરજદાર દ્વારા કુલ ૦૩ હયાત વિજકનેક્શનમાં વિજબીલની બાકી રકમ માંથી ૦૧ વીજજોડાણનું વીજબીલ ભરપાઈ કરેલ અને બીજા ૦૨ વીજજોડાણમાં વિજબીલ ભરેલ નથી. વધુમાં અરજદાર દ્વારા નવું થ્રી ફેઝ ઓદ્યોગિક વીજજોડાણ માંગેલ હોવાથી SOP મુજબ સદર વિજજોડાણની એસ આર તા.૧૭.૦૮.૨૦૨૩ મુજબ બીજી આવેલ અરજીઓ તેમજ લોડ વધારાની અરજીઓના સર્વે કરવામાં આવેલ.

૩.૧૦ સદર અરજી બીજીવાર હોવાથી પહેલી વખત સર્વે કરેલ હોઈ જેથી અરજદારને સર્વે માટે પાછો ફોન કરેલ નથી અને સદર વિજજોડાણની ફાઈલ રેવન્યુ વિભાગ માંથી અરજદારના ARREARS બાકી હોવાથી ટેકનીકલ વિભાગમાં આપેલ ન હોય પરંતુ ઓનલાઈન અરજી કરેલ હોવાથી સદર નવા માંગેલ વિજજોડાણ માટે આગળની કાર્યવાહી અટકાવેલ નથી.

૩.૧૧ SOP અને ઈ-ઉર્જામાં જરૂરી મંજુરી માટે તા.૨૮-૦૮-૨૦૨૩ ના રોજ મોકલવામાં આવેલ. જે મંજુરી આવતા પેટાવિભાગીય કચેરી દ્વારા માંગેલ વીજજોડાણ સૂચિત જગ્યામાં હોવાથી વધારાની SECURITY DEPOSIT રૂ.૨૭૦૩૫/- ભરપાઈ કરવાની બાકી હોવાથી તે અંગેનું અંદાજપત્ર નંબર ૧૦૦૭૬ તા.૦૨.૦૯.૨૦૨૩ થી અરજદારને RPAD થી મોકલવામાં આવેલ જે "NOT KNOWN" ના રીમાર્કસ સાથે પરત આવેલ. આમ, અરજદાર દ્વારા સમયમર્યાદામાં નાણા ભરપાઈ કરેલ નથી અને અંદાજપત્ર ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૭.૦૯.૨૦૨૩ હતી.

૩.૧૨ આમ, અરજદાર દ્વારા સદર બાબતે કોઈ ARREARS બાકી કે અંદાજપત્ર બાબતે સંપર્ક કરેલ નથી. વધુમાં અરજદાર દ્વારા નહી પરંતુ કોઈ બીજા દ્વારા અંદાજપત્ર ભરપાઈ કરવાની છેલ્લી તારીખ બાબતે વાવડી પેટાવિભાગીય કચેરીમાં રૂબરૂ સંપર્ક કરેલ પરંતુ અંદાજપત્ર સમયમર્યાદામાં ભરપાઈ થયેલ ન હોવાથી ઈ-ઉર્જા માં STATUS - Not Paid Cancelled By User થઈ ગયેલ જોવા મળેલ. જેથી વાવડી પે.વિ.કચેરી દ્વારા સદર બાબતે અરજદાર ને પત્ર નં. નંબર ૧૦૯૩૨ તા.૦૯.૧૦.૨૦૨૩ થી જાણ કરેલ. જેથી વાવડી પે.વિ.કચેરી દ્વારા કનેક્શન આપવા બાબતે કોઈ આગળની કાર્યવાહી કરી શકેલ નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

## ::હુકમ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજુ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નિર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારશ્રી ભાવેશભાઈ હરીભાઈ લીંબાસીયા શેડ નં.૩, પ્લોટ નં.૧૫, રે.સ.નં.૧૬૦ પૈકી "રીધ્ધી સીધ્ધી" પાર્ક મેઈન રોડ, રામપાન ઢેબર રોડ ખાતે કોઠારિયામાં શેડ ધરાવે છે સદર શેડમાં અરજદાર દ્વારા વાવડી પેટાવિભાગીય કચેરી ખાતે ૭.૫ કિ.વો.ના થ્રી ફેઝ કનેકશનની ઓનલાઈન અરજી તા.૨૩.૧૨.૨૦૨૨ ના રોજ એપ્લીકેશન નં -૧૧૪૮૨૨ થી રૂ.૧૯૭૯૭=૬૦ (૪૭૨+૨૩.૬+૧૨૦૦૦+૭૦૦૨+૩૦૦) રકમ ભરપાઈ કરેલ છે. જેના SR નં ૧૫૬૭૬૪૨૨ નોંધાયેલ છે, જે અનુસંધાને અરજદારના પ્રતિનિધિની હાજરીમાં સ્થળ તપાસ થયા બાદ જગ્યા સૂચિત હોવાથી વધારાની ડીપોઝીટની રકમ રૂ.૨૬૮૮૦/- ભરપાઈ કરવાના થતા હોવાથી અરજદારને કુલ રૂ.૪૬૬૭૭=૬૦ નું ભાવપત્રક આપેલ છે, જેમાં કુલ ભરપાઈ કરેલ રકમ ૧૯૭૯૭ =૬૦ અને ભરપાઈ કરવાની થતી રકમ રૂ.૨૬૮૮૦=૦૦ જણાવેલ જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૩૦.૦૧.૨૦૨૩. નોંધાયેલ છે, જે અરજદાર દ્વારા તા.૦૭-૦૧-૨૦૨૩ ના રોજ રસીદ નં- UF 247305 થી ભરપાઈ કરેલ છે, જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા કરાયેલ પ્રી ઓડીટ મુજબ એગ્રીમેન્ટ કરી જવું અને માલિકી હક્કના પુરાવા રજુ કરવા પત્ર નં ૯૨૨ તા.૨૩.૦૧.૨૦૨૩ થી જાણ કરેલ છે, જે અન્વયે અરજદાર દ્વારા તા.૦૭-૦૨-૨૦૨૩

ના રોજ એગ્રીમેન્ટ કરેલ છે, પરંતુ માલિકી હક્કના પુરાવા રજુ કરેલ ન હોવાથી પીજીવીસીએલ દ્વારા અરજદારને તા.૨૭-૦૨-૨૦૨૩ નાં રોજ પત્ર નં ૨૧૫૩ તા.૨૭-૦૨-૨૦૨૩ થી માલિકી હક્કના આધાર-પૂરાવા ૭-૧૨, ૮-અ રજુ કરવા જાણ કરેલ છે. ત્યારબાદ અરજદાર દ્વારા જરૂરી આધાર-પુરાવા રજુ કરતા પીજીવીસીએલ દ્વારા ફરીથી ઓડીટ ફાઈલ થયેલ તે મુજબ ઉતરોતર માલિકી હક્કની ખરાઈ થઇ શકેલ ન હોવાથી જમીનના મૂળ માલિક અને સૂચિત સોસાયટીના પ્રમોટર અને ડેવલોપર વચ્ચેનો લેખિત કરાર દિવસ-૦૩ માં રજુ કરવો અન્યથા અરજી દફતરે કરવામાં આવશે, જેની જાણ અરજદારને પત્ર નં -૩૦૧૧ તા.૨૮-૦૩-૨૦૨૩ થી કરવામાં આવેલ, પરંતુ અરજદાર દ્વારા જરૂરી આધાર-પુરાવા રજુ ન થતા પીજીવીસીએલ દ્વારા સદર અરજી ઈ-ઉર્જા સીસ્ટમમાં કેન્સલ થયેલ છે.

૪.૨ ઉપરોક્ત બાબતે અરજદારની અરજી રદ થયેલ હોવાથી અરજદારે તા.૦૩.૦૫.૨૦૨૩ થી સદર અરજી અન્વયે ભરેલ નાણા પરત કરવા અરજી કરેલ છે. જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા રીફંડના નાણા ચેક નં.-૧૮૨૪૬ તા.૦૮.૦૬.૨૦૨૩ થી રૂ.૪૬૨૦૨/- પરત કરેલ છે.

૪.૩ ત્યારબાદ ફરિયાદી અરજદારની રજૂઆત મુજબ કોઠારિયા ગામના રે. સર્વે નંબર ૧૬૦ પૈકી રિદ્ધિ સિદ્ધિ પાર્ક મેઈન રોડ, પ્લોટ નં -૧૫, શેડ નં -૩ માં ૭.૫ કીવોનું થ્રી ફેઇઝ વીજજોડાણ મેળવવા માટે રજુ કરેલ આધાર-પુરાવા મુજબ તા.૧૨.૦૮.૨૦૨૩ અન્વયે કરેલ ઓનલાઈન અરજી નં ૨૫૫૧૮૨ થી લીબાસીયા ભાવેશભાઈ હરીભાઈનાં નામે નીચે મુજબની રકમ ભરપાઈ થયેલ છે.

| | |
|---|---|
| (૧) રજી. ચાર્જ | રૂ.૪૭૨=૦૦ |
| (૨) ટેસ્ટરીપોર્ટ ચાર્જ | રૂ.૨૩=૬૦ |
| (૩) ફિક્સ ચાર્જ | રૂ.૧૨૦૦૦=૦૦ |
| (૪) સિક્યોરીટી ડીપોઝીટ | રૂ.૭૯૦૮=૦૦ |
| (૫) એગ્રીમેન્ટ ચાર્જ | રૂ.૩૦૦=૦૦ |
| | કુલ રૂ.૨૦૭૦૩=૬૦ |

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

ઉપરોક્ત ઓનલાઈન અરજી અન્વયે પીજીવીસીએલ દ્વારા અરજદાર ગ્રાહકની અરજીમાં સ્થળ તપાસ મુજબ વીજજોડાણ માંગેલ તે જગ્યા સૂચિત હોવાથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા વધારાનું ભાવપત્રક આઉટવર્ડ નં -૧૦૦૭૬ તા.૦૨.૦૯.૨૦૨૩ રજીસ્ટર એડી ટપાલ દ્વારા મોકલાવેલ, જેમાં નીચે મુજબના ચાર્જ જણાવેલ છે.

| | |
|---|---|
| (૧) અગાઉ ભરપાઈ કરેલ કુલ રકમ | રૂ.૨૦૭૦૩=૬૦ |
| (૨) ભરપાઈ કરવાની બાકી રહેલ સિક્યોરીટી ડીપોઝીટની રકમ | રૂ.૨૭૦૩૫=૦૦ |

સદર ભાવપત્રક ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૭.૦૯.૨૦૨૩ નોંધાયેલ છે, જેમાં અરજદાર દ્વારા રૂ.૧૦૦=૦૦ ના નોનજયુડીશલ સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝ વેચાણ કરાર કરેલ છે, તે મુજબ કોઠારિયાના રે. સર્વે નંબર -૧૬૦ પૈકીની જમીન પર આવેલ રિદ્ધિ સિદ્ધિ પાર્ક ( સૂચિત) ના પ્લોટ નં-૧૫ ની જમીન ચોમીઆ: ૧૨૧-૨૪ માંહેના શેડ નં -૩ ની જમીન ચોમીઆ: ૪૦-૪૧ શ્રી ભાવેશભાઈ હરીભાઈ લીંબાસીયા દ્વારા ખરીદ કરેલ છે, જેમાં વેચનાર તરીકે દેવદાનભાઈ શાર્દુલભાઈ બોરીચા અને ઉતરોતર વેચનારમાં શ્રી મહેશભાઈ વાલજીભાઈ પીપરીયા નોંધાયેલ છે.

અરજદાર દ્વારા જોડેલ ગામ નમુના નં ૮-અ માં ગામ કોઠારિયા, સર્વે નંબર :૧૬૦ પૈકી ૧, ૧૬૦ પૈકી ૩, ૧૬૦ પૈકી ૨ / પૈકી ૧/ પૈકી ૧, ૧૬૨ માં કબ્જેદારનું નામ મુકેશ માણેકચંદ શેઠ અને અન્ય વિગતમાં તમામ સર્વે બિનખેતી નોંધાયેલ છે.

અરજદાર દ્વારા ઉપરોક્ત અરજી સાથે રાજકોટ મહાનગર પાલિકાની વેરા પહોચ ઘર નં-૨૦૦૪/૦૮૭૦/૦૦૦ વોર્ડ નં-૧૮ તા.૦૫-૦૬-૨૦૨૨ થી જોડેલ છે, જેમાં નામ ભાવેશભાઈ હરીભાઈ લીંબાસીયા અને સરનામું શેડ નં-૩, પ્લોટ નં-૧૫, આર.એસ. નં-૧૬૦પી., રીધ્ધી સિદ્ધિ પાર્ક, મેઈન રોડ, કોઠારિયા રાજકોટ નોંધાયેલ છે.

૪.૪ ઉપરોક્ત ભાવપત્રક પીજીવીસીએલ દ્વારા રજીસ્ટર એડી ટપાલથી અરજદાર દ્વારા એ-૧ ફોર્મમાં દર્શાવેલ સરનામાં પર મોકલાવેલ છે, પરંતુ સદર ભાવપત્રક વાવડી પેટાવિભાગીય કચેરીમાં પરત થયેલ છે, જેમાં **"Not Known"** રીમાર્ક આપેલ છે, જે ફોરમ સમક્ષ નકલ રજુ કરેલ છે.

૪.૫ ઉપરોક્ત બાબતે અરજદારની ઓનલાઈન અરજી તા.૧૨.૦૮.૨૦૨૩ અન્વયે અંદાજપત્ર ભરપાઈ કરવાની છેલ્લી તા.૨૭.૦૯.૨૦૨૩ હતી પરંતુ ભરપાઈ થયેલ ન હોવાથી ઈ-ઉર્જા સીસ્ટમમાં "નોટ પેઈડ કેન્સલ" થઇ ગયેલ છે, જેથી સદર અરજી દફતરે થઇ ગયેલ છે, જેની જાણકારી અરજદારને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા લેખિત પત્ર નં ૧૦૯૩૨ તા.૦૯.૧૦.૨૦૨૩ થી અપાયેલ છે.

૪.૬ વધુમાં સદર કેસની સુનાવણી દરમ્યાન ફરિયાદી અરજદારની રજૂઆત માંગણી મુજબના વીજજોડાણની જગ્યા કોઠારિયા ગામના રેવન્યુ સર્વે નંબર ૧૬૦ પૈકીની જમીનમાં આવેલ પ્લોટ નં-૧૫, શેડ નં -૩ માં ૭.૫ કીવોનું ઓદ્યોગિક વીજજોડાણ માંગેલ છે, જે અનુસંધાને સામેવાળા દ્વારા કરાયેલ રજૂઆત મુજબ અરજદાર દ્વારા રજુ કરેલ ગામ નમુના નં- ૮-અ માં ૧૬૦ પૈકી ૧, ૧૬૦ પૈકી ૩, ૧૬૦ પૈકી ૨ / પૈકી ૧/ પૈકી ૧, ૧૬૨ માં કબ્જેદારનું નામ મુકેશ માણેકચંદ શેઠ અને અન્ય વિગતમાં તમામ સર્વે બિનખેતી નોંધાયેલ છે. આમ, અરજદાર દ્વારા જે જગ્યામાં વીજજોડાણ માંગેલ છે, તે જગ્યાની માલિકી સાબિત થતી ન હોવાથી, જો અરજદાર દ્વારા સદર જગ્યાના માલિકીના આધાર-પુરાવા રજુ થયે થી તેમજ હાલની અરજી રદ થયેલ હોવાથી ફરીથી અરજી થયે વીજજોડાણ આપવાની નિયમાધીન કાર્યવાહી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા હાથ ધરવામાં આવશે.

૪.૭ સદર કેસમાં ઉપરોક્ત વિગતોનો અભ્યાસ કરતા સ્પષ્ટ થાય છે કે પીજીવીસીએલ દ્વારા અરજદારના નવા વીજજોડાણ અન્વયે નિયમાધીન કાર્યવાહી થયેલ જણાય છે, જેથી અરજદારને વીજજોડાણ મળવા અંગેની રજૂઆત માન્ય રાખવામાં આવતી નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | |
|---|---|
| (એન.એચ.જોષી) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: "જીલ્લા સેવા સદન- ૩, ત્રીજો માળ - બ્લોક નં -૧, ગવર્મેન્ટ પ્રેસ રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧, ફોન નં – ૦૨૮૧-૨૯૯૪૧૨૫.